યુનિવર્સિટીનો દાવો - કબૂતરોના ચરકને કારણે પાણીના ટીપા રોકાયા

આર્ટ્સ ફેકલ્ટીના ઐતિહાસિક ગુંબજના રૂ.૫.૫૦ કરોડના રિસ્ટોરેશન પર સવાલ,લોકાર્પણ પહેલા જ ધબ્બા પડ્યા

NSUIનો આક્ષેપ - કરોડો રૂપિયાનું કામ નબળી ગુણવત્તાનું,કડક તપાસની માંગ

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

વિશ્વવિખ્યાત મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની આર્ટ્સ ફેકલ્ટીના ઐતિહાસિક ગુંબજના રિસ્ટોરેશનની કામગીરી સામે હવે ગંભીર સવાલો ઉભા થયા છે. વર્ષ 2023માં રૂ. 5.50 કરોડના જંગી ખર્ચે શરૂ કરાયેલું આ હેરિટેજ રિસ્ટોરેશનનું કામ ઓગસ્ટ 2026માં પૂર્ણ જાહેર કરવામાં આવ્યું હતું. જોકે, આશ્ચર્યની વાત એ છે કે કામ પૂરું થયા બાદ પણ આજ સુધી ગુંબજનું લોકાર્પણ કરવામાં આવ્યું નથી અને તેની કોઈ તારીખ પણ નક્કી નથી.

એમએસયુના ઐતિહાસિક ગુંબજના રિસ્ટોરેશનની જવાબદારી મુંબઈની સવાની હેરિટેજ કંપનીને સોંપવામાં આવી હતી. જો કે કામ પૂર્ણ થયાના તુરંત બાદ જ ગુંબજ પર દાગ-ધબ્બા દેખાતા વિવાદ સર્જાયો છે. એમએસયુના ઈજનેર રુદ્રેશકુમાર શર્માએ જણાવ્યું કે, ગુંબજ પર દેખાતા ડાઘ કબૂતરોની ચરકના કારણે પાણીના ટીપાં રોકાતા હોવાથી પડ્યા છે. રિસ્ટોરેશન બાદ ગુંબજ પર વોટર રીપેલેન્ટ કોટિંગ પણ કરવામાં આવ્યું હતું. હાલની સ્થિતિ અંગે યુનિવર્સિટી દ્વારા રિસર્ચ શરૂ કરવામાં આવી છે. તેમણે વધુમાં સ્પષ્ટતા કરી કે કોન્ટ્રાક્ટર બે વર્ષના ડિફેક્ટ લાયાબિલિટી પિરિયડમાં બંધાયેલો છે. 2026-27 દરમિયાન કોઈ ખામી જણાશે તો યુનિવર્સિટી એક પણ રૂપિયો ચૂકવ્યા વગર કોન્ટ્રાક્ટર પાસે જ કામ કરાવશે. બેદરકારી જણાય તો કોન્ટ્રાક્ટરને નોટિસ પણ ફટકારવામાં આવશે. બીજી તરફ વિદ્યાર્થી સંગઠન એનએસયુઆઈના આગેવાન સુજાન લાડમેને ગંભીર આક્ષેપ કર્યા હતા. તેમણે કહ્યું કે જ્યારે સાડા પાંચ કરોડનું ટેન્ડર પાસ કરવામાં આવ્યું ત્યારે જ વિદ્યાર્થી સંગઠનોએ ગુણવત્તાની તપાસની માંગ કરી હતી. પરંતુ પહેલા જ વરસાદમાં ગુંબજનો કલર ઉખડી ગયો છે. આટલા કરોડોના ખર્ચે થયેલા રીનોવેશનમાં નબળી ગુણવત્તાની સામગ્રી વપરાઈ છે અને આ કરોડો રૂપિયા કોન્ટ્રાક્ટરો અને યુનિવર્સિટીના સત્તાધીશોના પેટમાં ગયા છે. એનએસયુઆઈએ માંગ કરી છે કે આ મામલે જવાબદારો સામે તાત્કાલિક કડક કાર્યવાહી કરવામાં આવે. વિશ્વવિખ્યાત ગુંબજની આવી હાલત યુનિવર્સિટી માટે શરમજનક હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

જય કુબેર રેસિડેન્સીના ફ્લેટ નં. ૫૦૨માં પોલીસને જોઈને જુગારીયાઓમા દોડધામ

પથ્થરગેટના ફ્લેટમાં ધમધમતા જુગાર ધામ પર ડીસીબી ત્રાટકી : ૧૩ ખેલીઓ ઝડપાયા

પોલીસે રોકડ રકમ, 12 મોબાઇલ અને 5 વાહનો મળી રૂ. 3.25 લાખનો મુદ્દામાલ કબજે

(પ્રતિનિધિ) વડોદરા તા.11

વડોદરા શહેરના પથ્થરગેટ વિસ્તારમાં જય કુબેર રેસિડેન્સીના ફ્લેટમાં બંધ બારણે ચાલી રહેલા જુગારધામનો ડીસીબી પોલીસે પર્દાફાશ કર્યો છે. બાતમીના આધારે પોલીસે ફ્લેટ નંબર 502માં દરોડો પાડતાં જુગાર રમતા 13 શખ્સો ઝડપાઈ ગયા હતા. પોલીસે રોકડ રકમ, 12 મોબાઈલ ફોન અને પાંચ વાહનો સહિત કુલ રૂ.3.25 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ડીસીબી પોલીસ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે પથ્થરગેટ સ્થિત જય કુબેર રેસિડેન્સીના ફ્લેટ નં.502માં રહેતો તુષાર મુકેશ કણસે બહારથી ખેલીઓને બોલાવી જુગાર રમાડે છે. જેના આધારે પોલીસ ટીમે ફ્લેટ પર દરોડો પાડ્યો હતો. પોલીસે દરવાજો ખખડાવતા તુષાર કણસેએ દરવાજો ખોલ્યો હતો. પોલીસને જોઈ અંદર બેઠેલા જુગારીઓમાં દોડધામ મચી ગઈ હતી. જોકે પોલીસે તમામ 13 આરોપીઓને ઝડપી લીધા હતા. રૂમમાં આરોપીઓ ગોળ કુંડાળું વાળી ગોદડી પર બેસીને જુગાર રમતા હોવાનું પોલીસને જણાયું હતું.

પોલીસે આરોપીઓની અંગઝડતીમાંથી રૂ.20 હજાર રોકડા તથા જમીનદાવના રૂ.4 હજાર મળી કુલ રૂ.24 હજાર રોકડા કબજે કર્યા હતા. ઉપરાંત રૂ.75 હજારના 12 મોબાઈલ અને રૂ.2.25 લાખની કિંમતના પાંચ વાહનો મળી કુલ રૂ.3.24 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

જુગાર રમતાં ઝડપાયેલા આરોપીઓમાં તુષાર મુકેશ કણસે (35), જીતેન્દ્ર મંગળ કહાર (28), રાજેન્દ્ર સુનિલ સપકાલ (28), પ્રશાંત રમેશચંદ્ર ખોનાર (42), પિયુષ અમૃત રાજપુત (27), રોહન રાજેશ ચૌહાણ (26), વિકાસ અરવિંદ ઓડ (31), હેમંત દિનેશ વસાવા (34), સુનિલ મોહનસીંગ રાજપુત (36), પવન સુરેશ માળી (25), હિરેન રાજેશ મસ્કે (25), ધ્રુવલ કૈલાશ ઓડ (25) અને પ્રદીપ રાજેશ દીધે (27)નો સમાવેશ થાય છે. પોલીસ દ્વારા જુગાર રમતાં તમામ સામે જુગારધારા હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

નુરાની ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા છઠ્ઠા સમૂહ લગ્નનું આયોજન

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

વડોદરા શહેરની સામાજિક સંસ્થા *નુરાની ચેરિટેબલ ટ્રસ્ટ* દ્વારા જરૂરિયાતમંદ પરિવારોને સહાયરૂપ થવાના હેતુથી છઠ્ઠા સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી *24 જાન્યુઆરી, 2027ના રોજ બાવામાનપુરા, નુરાની મસ્જિદ પાસે, પાણીગેટ, વડોદરા* ખાતે સમૂહ લગ્ન યોજાશે. જેમાં અનાથ, વિકલાંગ તેમજ જરૂરિયાતમંદ પરિવારોના નવદંપતીને લાભ આપવામાં આવશે. સમારોહને સફળ બનાવવા ટ્રસ્ટના સભ્યો દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. સંસ્થા દ્વારા સમૂહ લગ્નમાં જોડાવા ઇચ્છતા જરૂરિયાતમંદ પરિવારોને ફોર્મ ભરવા અપીલ કરવામાં આવી છે. ફોર્મ તથા વધુ માહિતી માટે લિયાકતભાઈ મલેક, સૈયદ અમીન અને મુન્નાભાઈનો બાવામાનપુરા, નુરાની મસ્જિદ પાસે પાણીગેટ વડોદરા** ખાતે સંપર્ક કરવા જણાવાયું છે.

નાટક અને સંગીતના સંગમથી વડોદરામાં સર્જાયો કલારસનો અનોખો અનુભવ

'ત્રિવેણી થિયેટર ગ્રુપ' અને 'યોગનિકેતન'ની ત્રણ દિવસીય 'Where Music Meets Theatre' કાર્યશાળાનું સફળ સમાપન

(પ્રતિનિધિ) વડોદરા, તા.30

વડોદરાના ફતેહગંજ સ્થિત યોગનિકેતન પરિસરમાં 'ત્રિવેણી થિયેટર ગ્રુપ' અને 'યોગનિકેતન'ના સંયુક્ત ઉપક્રમે યોજાયેલી ત્રણ દિવસીય વિશેષ નાટ્ય કાર્યશાળા 'Where Music Meets Theatre'નું સફળ સમાપન થયું હતું. તા. ૭થી ૯ ઓગસ્ટ દરમિયાન યોજાયેલી આ કાર્યશાળામાં ૨૦થી વધુ તાલીમાર્થીઓએ નાટક અને સંગીત વચ્ચેના આંતરિક સંબંધને નવી દૃષ્ટિએ અનુભવ્યો હતો.

કાર્યશાળામાં શ્વાસ નિયંત્રણ, ઓમકાર, સ્વરસાધના, સરગમ દ્વારા અભિવ્યક્તિ, શ્રવણક્ષમતા, કોરસ તથા આંગિક-વાચિક અભિનય સહિતની વિવિધ તાલીમ આપવામાં આવી હતી. સંગીતકાર અને અભિનેતા મિશલ ભાટિયા તથા ક્લાસિકલ વોકલિસ્ટ અને વોઈસ કોચ નીલકંઠન ક્રિષ્નને માર્ગદર્શન આપ્યું હતું. તબલા, ઢોલ અને ઢોલક પર ઓમકાર પ્રધાન તથા હાર્મોનિયમ પર દિવ્યાંગ દેસાઈએ સાથ આપ્યો હતો.

ત્રિવેણીના ઐતિહાસિક નાટકો અને ભવાઈ, પારસી તથા પોવાડા પરંપરાના ગીતોના ઉદાહરણો દ્વારા મંચ પર સંગીત કેવી રીતે પાત્રો અને કથાના ભાવને અસર કરે છે તે સમજાવવામાં આવ્યું હતું. અંતિમ દિવસે માત્ર બે કલાકની તૈયારી બાદ તાલીમાર્થીઓએ ૩૦ મિનિટની સંગીતમય સંયુક્ત પ્રસ્તુતિ રજૂ કરી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. વરિષ્ઠ રંગકર્મી પી.એસ. ચારી અને યુવા દિગ્દર્શક નિસર્ગ રાવળે પણ માર્ગદર્શન આપ્યું હતું.

બાળકને પણ સિગારેટ પીવડાવી, ગણતરીના કલાકોમાં બે આરોપીની ધરપકડ

સયાજીગંજ પોલીસ સ્ટેશન સામે જ રિક્ષામાં દારૂની મહેફિલ, વીડિયો વાયરલ થતા પોલીસ દોડતી થઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.11

વડોદરા શહેરમાં જાહેર સ્થળો પર દારૂની મહેફિલના કિસ્સાઓ વચ્ચે સયાજીગંજ પોલીસ સ્ટેશનની સામે જ બે શખ્સો રિક્ષામાં બેસીને દારૂ પીતા હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં પોલીસ તંત્ર દોડતું થયું હતું. વાયરલ વીડિયોમાં બંને શખ્સો રિક્ષામાં બેસીને ખુલ્લેઆમ દારૂ પીતા જોવા મળ્યા હતા. આ ઉપરાંત એક શખ્સ બાળકને સિગારેટ પીવડાવતો હોવાનો દૃશ્ય પણ વીડિયોમાં જોવા મળ્યો હોવાનું સામે આવ્યું છે.

વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયા બાદ સયાજીગંજ પોલીસે તાત્કાલિક તપાસ શરૂ કરી હતી. પોલીસની તપાસમાં વીડિયોમાં દેખાતા બે શખ્સોની ઓળખ મોહિત ભોંસલે અને સલમાન દિવાન તરીકે થઈ હતી. પોલીસે ગણતરીના કલાકોમાં બંનેને ઝડપી પાડ્યા હતા. બંને વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

સયાજીગંજ પોલીસ સ્ટેશનની સામે જ જાહેરમાં દારૂ પીવાના વીડિયો સામે આવતા પોલીસની કામગીરી સામે પણ સવાલો ઉઠ્યા છે. જાહેર સ્થળે આવી હરકત કરનારાઓમાં પોલીસનો કેટલો ડર રહ્યો છે તે મુદ્દે પણ ચર્ચા શરૂ થઈ છે. જોકે, વીડિયો વાયરલ થયા બાદ પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને બંને શખ્સોને ઝડપી પાડ્યા છે. રિક્ષામાં દારૂની મહેફિલમાં અન્ય કોઈ વ્યક્તિ સામેલ હતી કે કેમ તેમજ વાયરલ વીડિયોની સમગ્ર હકીકત અંગે તપાસ કરી રહી છે.

બંને આરોપીઓની પોલીસ દ્વારા ધરપકડ બાદ તેઓએ કાન પકડીને ફરી દારૂ નહીં પીવાની વાત કરતો વીડિયો પણ સામે આવ્યો છે. મોહિત ભોંસલેએ પોતાની ભૂલ સ્વીકારી માફી માગી હતી, જ્યારે સલમાન દિવાને પણ પોલીસ સમક્ષ હવે પછી આવી ભૂલ નહીં કરવાની વાત કરી હતી. આ ઘટનાએ વડોદરા રેલવે સ્ટેશન અને સયાજીગંજ વિસ્તારની જાહેર વ્યવસ્થાને લઈને ફરી સવાલો ઊભા કર્યા છે. જાહેર સ્થળો પર અસામાજિક પ્રવૃત્તિઓને અટકાવવા માટે પોલીસ દ્વારા સતત પેટ્રોલિંગ અને કડક કાર્યવાહી કરવામાં આવે તેવી સ્થાનિકોમાં માંગ ઉઠી રહી છે.

વેદ પંચાલ-માનસ દવેની પુરુષ સિંગલ્સમાં મેઇન ડ્રોમાં ધમાકેદાર એન્ટ્રી

અંડર-17માં પણ વડોદરાના ખેલાડીઓની છાપ

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

સ્ટેટ રેન્કિંગ ટેબલ ટેનિસમાં વડોદરાનો દબદબો વેદ પંચાલ અને માનસ દવેએ પુરુષ સિંગલ્સના મેઇન ડ્રોમાં મેળવી એન્ટ્રી વડોદરા, તા. 11 : સમા ઈન્ડોર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે 11થી 14 ઓગસ્ટ દરમિયાન યોજાઈ રહેલી UTT 4થી ગુજરાત સ્ટેટ રેન્કિંગ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટના પ્રથમ દિવસે યજમાન વડોદરાના ખેલાડીઓએ ક્વોલિફાઈંગ રાઉન્ડમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું. વેદ પંચાલે પુરુષ સિંગલ્સમાં ભાવનગરના અંકિત ચૌહાણને 11-8, 11-6, 11-9થી હરાવી મેઈન ડ્રોમાં સ્થાન મેળવ્યું હતું. માનસ દવેએ સાગર મકવાણાને 15-17, 11-8, 11-6, 5-11, 11-8થી પરાજય આપી મેઈન ડ્રોમાં પ્રવેશ કર્યો હતો. અંડર-17માં પણ યજમાન ખેલાડીઓની છાપ બોયઝ અંડર-17ના ક્વોલિફાઈંગમાં વડોદરાના કૃશય શાહ અને ધૈર્ય કડછીએ વિજય મેળવી મેઈન ડ્રોમાં સ્થાન મેળવ્યું હતું. કૃશયે સુરતના ખુશ અગ્રવાલને 3-1થી, જ્યારે ધૈર્યે ભાવનગરના કૃષ્ણા જેઠવાને 3-1થી હરાવ્યો હતો. અન્ય મુકાબલામાં અમદાવાદના માલવ પંચાલ, સુરતના અનુભવ શાહ, આણંદના પાર્થ પંજાબી, સુરતના યુગ પરમાર, અમદાવાદના ગિરીશ ઝા અને સુરતના રોહિત જાદવ પણ આગળ વધ્યા હતા. ગુજરાત સ્ટેટ ટેબલ ટેનિસ એસોસિએશનના નેજા હેઠળ ટેબલ ટેનિસ એસોસિએશન ઑફ બરોડા દ્વારા આયોજિત ટુર્નામેન્ટમાં UTT ટાઈટલ સ્પોન્સર છે, જ્યારે IOCL, GAIL અને Shaily Engineering Plastics એસોસિએટ સ્પોન્સર છે.

ગયા વર્ષની સરખામણીએ ભાવ વધતા લોકોનું બજેટ ખોરવાયું

વડોદરામાં દશામાના વ્રત ટાણે બજારોમાં ભીડ, મોંઘવારી વચ્ચે નાની મૂર્તિઓની ભારે માંગ

દસ દિવસીય પવિત્ર વ્રતને ગણતરીના કલાકો બાકી, વિવિધ અવતારોવાળી મૂર્તિઓ શ્રદ્ધાળુઓનું આકર્ષણ

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

વડોદરામાં દશામાના વ્રતને હવે ગણતરીના કલાકો બાકી રહ્યા છે, ત્યારે શહેરના બજારોમાં માતાજીની મૂર્તિઓ ખરીદવા માટે શ્રદ્ધાળુઓની ભારે ભીડ જોવા મળી રહી છે. દસ દિવસના આ પવિત્ર વ્રત માટે માર્કેટમાં ભક્તિમય વાતાવરણ છવાયેલું છે.

બજારમાં માતાજીના વિવિધ અવતારોની આકર્ષક મૂર્તિઓ ઉપલબ્ધ છે. કરણ લુવાર નામના મૂર્તિકારના જણાવ્યા અનુસાર, આ વર્ષે ત્રિશૂળવાળી, કળશવાળી, નાગવાળી, તુલસીવાળી અને હીંચકાવાળી વિવિધ પ્રકારની મૂર્તિઓ લોકોના આકર્ષણનું કેન્દ્ર બની છે. ૨૦ વર્ષથી મૂર્તિના વ્યવસાય સાથે જોડાયેલા વિક્રેતાઓનું કહેવું છે કે શ્રદ્ધાળુઓ પોતાના ભાવ અનુસાર મૂર્તિની પસંદગી કરી રહ્યા છે.

છેલ્લા વર્ષની સરખામણીએ આ વર્ષે મૂર્તિઓના ભાવમાં થોડો વધારો જોવા મળ્યો છે. મોંઘવારીની સીધી અસર ખરીદી પર પણ વર્તાઈ રહી છે. સામાન્ય રીતે જે લોકો મોટી મૂર્તિઓ ઘરે પધરાવતા હતા, તેઓ આ વર્ષે બજેટને ધ્યાનમાં રાખીને નાની મૂર્તિઓ ખરીદવાનું પસંદ કરી રહ્યા છે. દુકાનદારોના મતે, ગત વર્ષોની સરખામણીએ આ વર્ષે બજારમાં ઘરાકીમાં થોડી મંદી જોવા મળી રહી છે. આર્થિક પરિબળો ગમે તે હોય, પરંતુ ભક્તોની આસ્થામાં કોઈ કમી નથી.

વડોદરામાં ૧૩મી ઓગષ્ટના રોજ રોજગાર અને એપ્રેન્ટીશ ભરતી મેળો યોજાશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

મદદનીશ નિયામક (રોજગાર) ની કચેરી અને મોડેલ કરિયર સેન્ટર વડોદરા દ્વારા આગામી તા.૧૩/૦૮/૨૦૨૬ ના રોજ સવારે ૧૦:૦૦ કલાક થી મદદનીશ નિયામક (રોજગાર)ની કચેરી,પહેલો માળ, આઈટીસી બીલ્ડીંગ, આઈટીઆઈ કેમ્પસ,તરસાલી વડોદરા ખાતે રોજગાર અને એપ્રેન્ટીસ ભરતી મેળો યોજાશે. ફેબ્રિકેશન (ફિટર, ટર્નર, વેલ્ડર), ટેકનિશિયન, સોલ્ડરિંગ, પીસીબી (PCB) રિપેરિંગ, ઇલેક્ટ્રોનિક સાધનોનું સમારકામ,એડમીન એક્ઝિક્યુટિવ,ઇલેક્ટ્રીશીયન,વેલ્ડર, ગ્રાઈંડર, વાયરમેન, રિલેશનશિપ ઓફિસર, રિલેશનશિપ મેનેજર, જેવી ૧૩૦ કરતા વધુ જગ્યા માટે સર્વિસ સેક્ટર અને મેન્યુફેક્ચરિંગ,સેલ્સ, ઈન્શોરન્શ માટે ૦૬ કંપનીના પ્રતિનીધી હાજર રહીને ઉમેદવારોના ઈન્ટરવ્યુ લેશે.ભરતી મેળામાં ૧૦ પાસ, ૧૨ પાસ, આઇ.ટી.આઇ, ડીપ્લોમાં,ગ્રેજ્યુએટ(બીકોમ/બીએ/બીબીએ) જેવી લાયકાત ધરાવતા ૧૮ થી ૩૫ વર્ષના પુરુષ અને મહીલા, ઉમેદવારો ભાગ લઈ શકશે.

વડોદરાના ખો-ખો ખેલાડી ધન્વિન ખોપકરની સરદાર પટેલ જુનિયર એવોર્ડ માટે પસંદગી

ખો-ખોમાં કારકિર્દી બનાવવાનું સપનું, આગામી કોમનવેલ્થ ગેમ્સમાં ભારતનું પ્રતિનિધિત્વ કરવાની ઈચ્છા

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

વડોદરાના ૨૬ વર્ષીય બી.કોમ. ગ્રેજ્યુએટ અને ખો-ખો ખેલાડી ધન્વિન ખોપકરની પ્રતિષ્ઠિત સરદાર પટેલ જુનિયર એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી છે. ગાંધીનગરમાં ૧૨ ઓગસ્ટના રોજ તેમને આ એવોર્ડ આપવામાં આવશે. ખો-ખોમાં કારકિર્દી બનાવવાની સાથે આગામી કોમનવેલ્થ ગેમ્સમાં ભારતનું પ્રતિનિધિત્વ કરવાનું તેમનું સપનું છે. આ સન્માનથી તેમને તેમજ ઉભરતા ખેલાડીઓને વધુ સારું પ્રદર્શન કરવા અને ભારતનું નામ રોશન કરવા પ્રેરણા મળશે.

ધન્વિને વર્ષ ૨૦૧૨-૧૩માં ખો-ખો રમવાનું શરૂ કર્યું હતું. અત્યાર સુધીમાં તેઓ લગભગ ૧૫ રાષ્ટ્રીય સ્તરની ટૂર્નામેન્ટમાં ભાગ લઈ ચૂક્યા છે. વર્ષ ૨૦૧૯માં તેમણે સાઉથ એશિયન ગેમ્સમાં ભારતનું પ્રતિનિધિત્વ કરીને ગોલ્ડ મેડલ જીત્યો હતો. આ ઉપરાંત તેમણે SGFIમાં સિલ્વર અને ખેલો ઈન્ડિયામાં બ્રોન્ઝ મેડલ પણ જીત્યો છે.

મધ્યમવર્ગીય પરિવારમાંથી આવતા ધનવિને શરૂઆતમાં લંગડી રમત રમવાનું શરૂ કર્યું હતું. ત્યારબાદ કોચની સલાહથી તેમણે ખો-ખો તરફ વળ્યા. મણેકરાવ વ્યાયામશાળામાંથી તેમણે રમતની શરૂઆત કરી હતી. ત્યારથી તેમણે જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરની અનેક સ્પર્ધાઓમાં ભાગ લીધો છે. ઈજાના કારણે હાલમાં તેઓ મેદાનથી દૂર છે, પરંતુ ટૂંક સમયમાં ફરી મેદાન પર પરત ફરવા માટે ઉત્સુક છે.

વડોદરામાં ૧૫મી ઓગસ્ટ સ્વતંત્રતા પર્વની તૈયારીઓ વેગવંતી

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૧

વડોદરામાં આગામી ૧૫મી ઓગસ્ટ ૨૦૨૬ના રોજ ૮૦મા સ્વતંત્રતા દિવસની જિલ્લા કક્ષાની ઉજવણી ઉત્સાહ અને દેશભક્તિના માહોલમાં નાયબ મુખ્યમંત્રી હર્ષભાઇ સંઘવીના અધ્યક્ષસ્થાને માંજલપુર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ ખાતે યોજાનાર છે. આ રાષ્ટ્રીય પર્વના સુચારુ અને આયોજનબદ્ધ અમલીકરણ માટે વડોદરા જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓની એક વિશેષ સમીક્ષા બેઠક યોજાઈ હતી, જેમાં ઉજવણીની તમામ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવ્યો હતો.

આ બેઠક દરમિયાન જિલ્લા કલેકટરએ કાર્યક્રમ સ્થળ પર પ્રોટોકોલનું ચુસ્ત પાલન કરવા, આકર્ષક સ્ટેજ અને બેઠક વ્યવસ્થા ગોઠવવા, તેમજ સમયસર આમંત્રણ પત્રિકાઓનું વિતરણ કરવા સંબંધિત વિભાગોને સ્પષ્ટ સૂચનાઓ આપી હતી. રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં દેશભક્તિના રંગ સાથેનું આયોજન થાય તેના પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો.

વિદ્યાર્થીઓ વચ્ચે ૨,૦૦૦ નોટબુકનું વિતરણ

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

તારીખ 10 ઓગસ્ટ 2026ના રોજ ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જી સ્કૂલ, અટલાદરા ખાતે સૃજન એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા વિદ્યાર્થીઓ માટે આશરે 2,000 નોટબુકનું વિતરણ કરવામાં આવ્યું.

આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે શ્રી મેહુલભાઈ લખાણી, ચેરમેન, ચાઈલ્ડ વેલ્ફેર કમિટી, વડોદરા તેમજ વોર્ડ નંબર 9ના કોર્પોરેટર શ્રી પરેશભાઈ બ્રહ્મભટ્ટ ઉપસ્થિત રહ્યા. કાર્યક્રમમાં સૃજન એજ્યુકેશન ટ્રસ્ટનાં સ્થાપક શ્રીમતી રશ્મિ રંજન પણ ઉપસ્થિત રહ્યાં. મુખ્ય અતિથિઓએ વિદ્યાર્થીઓનું મનોબળ વધારીને તેમને શિક્ષણ ક્ષેત્રે આગળ વધવા અને પોતાના ઉજ્જવળ ભવિષ્ય માટે સતત પ્રયત્ન કરવા પ્રેરિત કર્યા.

આ સેવાકીય કાર્યમાં મુખ્ય દાતા તરીકે શ્રી એસ. કે. બ્રહ્મભટ્ટજીનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું. તેમના સહયોગથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓને જરૂરી શૈક્ષણિક સામગ્રી ઉપલબ્ધ કરાવી શકાયી. કાર્યક્રમને સફળ બનાવવામાં શાળાનાં પ્રિન્સિપાલ ગૌરાંગી મેડમનો પણ મહત્વપૂર્ણ સહયોગ રહ્યો.

વડોદરા મહાનગરપાલિકા
www.vmc.gov.in.
"જાહેર સૂચના"

વડોદરા શહેર વિસ્તારમાં માંસ - મચ્છી- ચિકનનો વેપાર કરતા તમામ વેપારીઓને જણાવવામાં આવે છે કે,
[૧] શ્રાવણ માસ સોમવાર::- તા.૧૭/૦૮/૨૦૨૬, તા.૨૪/૦૮/૨૦૨૬, તા.૩૧/૦૮/૨૦૨૬ અને તા.૦૭/૯/૨૦૨૬.
[૨] જન્માષ્ટમી ::- તા.૦૪/૦૯/૨૦૨૬, શુક્રવાર

ઉપરોક્ત ધાર્મિક તહેવારો નિમિત્તે, રાજય સરકારશ્રીના આદેશ પરત્વે વડોદરા મહાનગરપાલિકા સંચાલિત કતલખાનું બંધ રહેશે. તેમજ સદર દિવસો દરમ્યાન સંબંધકર્તા તમામ વેપારીઓને તેઓનો વ્યવસાય બંધ રાખવા જણાવવામાં આવે છે.

મુખ્ય આરોગ્ય અધિકારી
વડોદરા મહાનગરપાલિકા
પી.આર.ઓ.નં.૨૯૩/૨૦૨૬-૨૭

પગ અંદર રાખો પોલીસ પકડશે કહી વાતોમાં ભોળવી ચેન સરકાવી લીધી

વડોદરા રેલવે સ્ટેશનથી રિક્ષામાં બેસાડ્યા બાદ વેપારીની રૂ ૮૦ હજારની સોનાની ચેન ચોરી

કાળા ઘોડા નજીક પંચરનું બહાનું કરી નીચે ઉતારી રિક્ષા ભગાવી મુકી

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

વડોદરા પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના દેશેબ ગામના વેપારી સાથે વડોદરા શહેરમાં રિક્ષામાં સોનાની ચેન ચોરીની ઘટના સામે આવી છે. રક્ષાબંધનના તહેવારને ધ્યાનમાં રાખીને દુકાનમાં વેચાણ માટે રાખડીઓ ખરીદવા પત્ની સાથે વડોદરા આવેલા વેપારીને રિક્ષા ચાલકે ન્યાય મંદિર જવાના બહાને રિક્ષામાં બેસાડ્યા બાદ સાગરીતો સાથે મળીને આશરે રૂ.80 હજારની સોનાની ચેન ચોરી લીધી હોવાની ફરિયાદ નોંધાવવામાં આવી છે. ફરિયાદ મુજબ, દેશેબ ગામમાં રહેતા 46 વર્ષીય સુરેશકુમાર કરણસિંહ સોલંકી પાન-પડીકી તથા ઠંડા પીણાની દુકાન ચલાવે છે.

ગત તા.12 જુલાઈના રોજ તેઓ પત્ની સેજલ સાથે રક્ષાબંધન માટે રાખડીઓની ખરીદી કરવા ટ્રેન મારફતે વડોદરા આવ્યા હતા. વડોદરા રેલવે સ્ટેશનના આઉટ ગેટ પાસે ન્યાય મંદિર જવા માટે ઉભા હતા ત્યારે એક રિક્ષા ચાલકે તેમને ક્યાં જવાનું છે તે પૂછ્યું હતું. ન્યાય મંદિર જવાનું હોવાનું જણાવતા રિક્ષા ચાલકે બંનેને રિક્ષામાં બેસાડ્યા હતા. રિક્ષાની પાછળની સીટ પર અગાઉથી ત્રણ વ્યક્તિઓ બેઠેલા હતા. રિક્ષા ચાલકે તેમાંથી એક વ્યક્તિને પોતાની બાજુમાં બેસાડીને વેપારી અને તેમની પત્નીને જગ્યા કરી આપી હતી.

અધ્યક્ષ-ઉપાધ્યક્ષના નામો જાહેર ન થતાં આઈકાર્ડના સેમ્પલ જ તૈયાર થયા;

VMC માં નવું બોર્ડ અસ્તિત્વમાં આવ્યા બાદ પણ કમિટીઓનું ગઠન બાકી: વહીવટી પ્રક્રિયા ખોરવાઈ

અધ્યક્ષ-ઉપાધ્યક્ષના નામો જાહેર ન થતાં આઇકાર્ડના સેમ્પલ જ તૈયાર થયા; કોર્પોરેશન ડાયરીનું પ્રકાશન લટકાયું

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની સામાન્ય ચૂંટણીઓ પૂર્ણ થયા બાદ નવા ચૂંટાયેલા બોર્ડની વિધિવત રચના થઈ ચૂકી છે, છતાં પણ વહીવટી અને રાજકીય અનિશ્ચિતતાના કારણે વિવિધ મહત્વપૂર્ણ સમિતિઓના ગઠનમાં ભારે વિલંબ થઈ રહ્યો છે. મહાનગરપાલિકાની કામગીરીને સુચારુરૂપે ચલાવવા માટે અત્યંત જરૂરી એવી આ સમિતિઓમાં હજુ સુધી અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને સભ્યોની સત્તાવાર નિમણૂક કરવામાં આવી નથી. આ મિલકત અને વહીવટી વિલંબના કારણે માત્ર વિકાસલક્ષી નિર્ણયો જ નહીં, પરંતુ નવી ચૂંટાયેલી પાંખના કાઉન્સિલરો સાથે સંકળાયેલી પ્રાથમિક વહીવટી પ્રક્રિયાઓ પણ સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગઈ છે. સમિતિઓની રચના અટકી પડવાના કારણે ચૂંટાયેલા લોકપ્રતિનિધિઓને મળવાપાત્ર પ્રાથમિક સુવિધાઓ મેળવવામાં ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. હાલમાં કાઉન્સિલરોના અધિકૃત આઈડેન્ટિટી કાર્ડ બનાવવાની કામગીરી પણ અધૂરી પડી છે. તંત્ર દ્વારા માત્ર આઈકાર્ડના નમૂના તૈયાર કરવામાં આવ્યા છે, પરંતુ વિવિધ સમિતિઓના હોદ્દેદારો નક્કી થયા બાદ જ તેમના હોદ્દા સાથેના અંતિમ આઈકાર્ડ છાપવામાં આવશે. હોદ્દાની સ્થિતિ સ્પષ્ટ ન હોવાના કારણે આઈકાર્ડનું આખરી પ્રિન્ટિંગ અટકાવી દેવામાં આવ્યું છે. આ ઉપરાંત, લોકપ્રશ્નોની રજૂઆત માટે અત્યંત ઉપયોગી એવા કાઉન્સિલરોના અધિકૃત લેટરપેડ પણ હજુ સુધી ત